## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

માણસ હોય કે 'ગોપનીય' કાગળ, ફૂટી જાય છે,
હળી-મળી, દેશની તિજોરી-આબરૂ લૂંટી જાય છે
તૂટી જાય છે મનોબળ સૈનિકનું સરહદ પર -
નેતાજી કે સેનાપતિ, જવાબદારી છૂટી જાય છે
(બેજવાબદાર નાગરિકો)

### હાઈકુ

વગાડી લીધાં,
કેગ-અહેવાલ નાં-
વગડે વાજાં..

પડી આદત,
જીતવાની એમને-
લડ્યા વિના જ..

(ખાલીખમ વિધાનસભામાં વિજયના રણશિંગાં)

### ચિંતન

**પુરૂષાઃ બહવઃ રાજન્ સતતં પ્રિય વાદિનઃ ।**
**અપ્રિયસ્ય તુ પથ્યસ્ય વક્તા શ્રોતા ચ દુર્લભઃ ॥**

'હે રાજન મીઠું બોલનારા અને મીઠું સાંભળનારને વધારે સારું લગાડનારા લોકોની સંખ્યા આ જગતમાં મોટી છે, પણ સત્યભાષી અને સાંભળનારનું હિત થાય એવું બોલનારા અતિ અલ્પ છે, એવી જ રીતે તદ્દન સત્ય અને કલ્યાણકારી વચન સંભળાવનારા અને સાંભળનારા પણ બહુ અલ્પ છે, સત્ય કહેનારા અને શાંતિથી સાંભળનારા માણસો મળવા જ ખૂબ કઠિન છે.'

આજના સંસાર વ્યવહારમાં, સમાજમાં પોતાના સ્વાર્થ સાધવા લોકો દંભમાં મીઠું મીઠું બોલતા હોય છે, ઉપલક હૃદયની લાગણી બતાવી નિકટતા સિધ્ધ કરવા મથતા હોય છે, આપણી પાસેથી કંઇક મેળવી લેવા મથતા લોકો ઘણા છે અને આવી બાબતોથી ભોળવાઇ એમની વાતમાં આવી જઇ પોતાની પ્રશંસા સાંભળનારા પણ ઘણાં છે.

પરંતુ આપણા સાચા સ્નેહી, આપણું હિત કરવા માટે કટુ વચન સાથે પણ સત્ય કહેનારા બહુ ઓછા હોય છે, ઘણીવાર તો આપણા સ્નેહીને એના હિત માટે સાચું-સત્ય કહેવામાં આવે તો તે સાંભળીને ગુસ્સે થઇ જનારા પણ વ્યવહારમાં છે, એમને સત્ય સાંભળવું, સ્વીકારવું ગમતું નથી..

હકિકતમાં પ્રિય અને હિતકારક સત્ય બોલનારા જૂજ જનો હોય છે, તેવી જ રીતે એ સત્ય સ્વીકાર કરનારા પણ જૂજ મળે છે.

### સુવિચાર

- લોકોને સ્વતંત્રતા ગમે છે, પરંતુ કોઇને જવાબદારી નથી ગમતી કે નથી ખપતી - **ઓશો રજનીશ**
- બીજાના દોષ તારી આગળ વર્ણવનારો તારા દોષ પણ બીજાની આગળ વર્ણવતો હશે એ નિશ્ચિત યાદ રાખજે - **રાબિયા**
- પુસ્તક પ્રેમ કરનારો સહુથી સમૃધ્ધ અને સુખી છે - **મહાત્મા થોરો**
- જયાં ક્ષમા નથી ત્યાં પ્રેમ માત્ર દંભ અને વિડંબણા છે - **પ્રેમચંદજી**
- યશનો માર્ગ સ્વર્ગના માર્ગ જેટલો જ કઠિન છે - **સ્ટર્ન**
- કેટલાંક પુસ્તકો માત્ર ચાખવા માટે હોય છે કેટલાંક ગળી જવા માટે અને કેટલાંક ઓછાં પુસ્તકો ચાવીને પચાવવા માટે હોય છે - **બેકન**
- જયારે કોઇ પણ પ્રજાની 'ભાષા'ની પડતી થાય છે ત્યારે, પછી એ પ્રજાની પડતી બહુ દૂર નથી હોતી - **મિલ્ટન**

### બોધકથા

માનવ સ્વભાવ છે, જે બાબતની મનાઇ કરવામાં આવે તે જરૂર કરે. આપણે બાળકને જૂઠું ન બોલજે, ચોરી ન કરજે, કહેતાં કહેતાં અર્ધાં થઇ જઇએ છીએ, ત્યારે બાળક એમ કરીએ તો શું થાય તે જોવા ઉત્સુક થાય છે, બાળકને હકારાત્મક સૂચન આપો..

સિગ્મંડ ફ્રોઇડ પ્રસિધ્ધ મનોવૈજ્ઞાનિક હતા. એકવાર પત્ની સાથે પોતાના પાંચ વર્ષનાં પુત્રને લઇ મેળામાં ગયા. ભીડ હતી જ, બાળક થોડીવાર પિતાની આંગળી પકડતું તો કયારેક માતાની... એમાં કયારે વિખૂટું પડી ગયું ખબર ન પડી, પછી ધ્યાનમાં આવ્યું. બંને એકમેકને દોષ દેવા આવ્યાં. તેમાં બાળકોનાં અપહરણના બનાવોથી વધારે બેબાકળાં થઇ ગયાં. પત્ની તો રડવા જ લાગી. ફ્રોઇડને પણ પરસેવો છૂટ્યો.

ચિંતામાં શું કરવું, ની વિચારણામાં એક ઝાડ નીચે બેઠાં રહ્યાં, ત્યાં અચાનક સિગ્મંડ ફ્રોઇડ બોલ્યા, અરે! તું જલ્દી જા - આપણે હમણાં જ રસ્તામાં જે ધોધ આવ્યો હતો તેનો બાંકડે જ એ બેઠો હશે, લઇ આવ!

પત્ની દોડી અને ધોધની વાછંટમાં ભીંજાતા ધોધનાં સૌંદર્યની મજા માણતો બાળક ઊંચકી હર્ષભેર ત્યાં પાછાં આવ્યાં, ને તાડૂકીને બોલ્યા - તમને ખબર જ હતી કે તે ધોધ પાસે બેઠો છે છતાં 'નાટક' શા માટે કર્યું?

ફ્રોઇડ કહે, ના એમ નથી પણ એ ધોધ પાસેથી પસાર થતાં જ હું બોલ્યો હતો, કે 'એ ધોધ પાસે કદી ન જતો' એ મને યાદ આવી ગયું..

# એના જીવનનું ફૂલ કરમાવાનું નથી કારણ કે એને અણધાર્યું 'અમી' સિંચન સાંપડ્યું છે...

## હું રસ્તે રઝળતી વારતા

**- અયના પટેલ**

કેન્સર હોસ્પિટલ : એક જીવતું જાગતું કરૂણાતીર્થ. ડૉ. પંકજ શાહ એના અધિષ્ઠાતા, સ્થાન દેવતા. ભાગ્યે જ કોઈ ગુજરાતી એમના નામથી અજાણ હશે. સાહિત્યકાર તબીબ ડૉ. કેશુભાઈ દેસાઈ મજાકમાં, મિત્રભાવે એમને 'કેન્સરિયા મહાદેવ' કહે છે! એ શીર્ષક હેઠળ એમનું સરસ મજાનું રેખાચિત્ર પણ કર્યું હતું, જે અમેરિકાથી પ્રકાશિત થતા ગુજરાતી સાપ્તાહિક 'ગુજરાત ટાઈમ્સ' માં પ્રગટ થયેલું. ત્રણેક વરસ પર એક પ્રૌઢ મહિલાને બરાબર કાળી ચૌદશના દિવસે બ્રેસ્ટ કેન્સરનાં દર્દી તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈની ભલામણથી કેન્સર હોસ્પિટલનાં દાખલ કર્યાં હતા. મારાં બહુ નિકટનાં સંબંધી. જરૂરી લૅબોરેટરી તપાસ ઝપાટાભેર પૂરી કરીને દિવાળીનાં પર્વના દિવસોમાં જ એમનું સફળ ઑપરેશન કરાયેલું ત્યારે હું એમની દીકરી સાથે હોસ્પિટલનો ખૂણો ખૂણો ફરી વળેલી. ઉંમરમાં બહુ ફરક ન હોવા છતાં સગપણમાં ફોઈ થતાં એમનાં સુપુત્રી બે દીકરીઓની માતા છે.

તમને થશે કે આ પ્રસ્તાવના કેમ? ...ત્રણ વરસ પછી પેલાં પ્રૌઢ માસીબા તો સાવ સાજાંનરવાં છે, ખેતરનું કામ કરે છે: પણ એકાએક એમનાં સુપુત્રીને કેન્સરની ગાંઠ હોવાનું નિદાન થાય છે. તાબડતોડ મારા પાલક પિતા - ડૉ. કેશુભાઈ દેસાઈ એમને ડૉ. પંકજ શાહ પાસે લઈ જાય છે. ડૉ. પંકજ શાહ દરદીનો એમની હોસ્પિટલમાં ગાયનેક વિભાગનાં વડા ડૉ. કલ્પના દવેની પાસે મોકલી આપે છે. કમનસીબે વારસામાં ઊતરેલું દરદ કઠામી જગ્યાએ પાંગર્યું હોઈ નિદાન ઘણું મોડું થયું. દરદ એ હદે વકર્યું છે કે સર્જરી શક્ય નથી રહી. સંવેદનશીલ કેન્સર નિષ્ણાત સર્જ્યન ડૉ. કલ્પના દવે દરદીની ઉંમર અને દરદની ગંભીરતા જોઈ ભાવુક બની જાય છે. આખરે એ પણ સ્ત્રી છે, બલકે માતા છે. સાથે આવેલા દરદીના યુવાન જીવનસાથીને એ દબાયેલા સ્વરમાં દરદની ગંભીરતાનો આછો ખ્યાલ આપે છે. સર્જરી શકય નથી એટલે શેક અને કીમોથેરાપીનો જ વિકલ્પ બચ્યો છે. દરદીની ઈચ્છા શક્તિ પ્રબળ છે પણ જીવનશક્તિ શંકાસ્પદ બની ચૂકી છે. આવા સંજોગોમાં ઈશ્વરની દૈવી મદદ જ કોઈ ચમત્કાર કરી શકે. તબીબી વિજ્ઞાનને પણ એની પોતીકી મર્યાદાઓ છે. પરંતુ હિંમત હાર્યે થોડું પાલવશે? છેલ્લે સુધી ઝઝૂમવું અને મોતને પણ મારી હટાવવું એ જ કાળા માથાના માનવીનો છેલ્લો સંકલ્પ હોવો જોઈએ. જો કે મુસીબતો આવે ત્યારે ટોળામાં આવે છે, છતાં મુસીબત ગમે તેટલી મોટી હોય તો પણ એમાંથી હેમખેમ બહાર નીકળવાની એકાદ નાનકડી બારી તો કુદરત ઉઘાડી રાખે જ છે. ડૉ. કલ્પનાબહેને દરદીને શક્તિની દવા લખી આપી અને બીજે અઠવાડિયે આવી સોનોગ્રાફી કરાવીને પછી શેક ચાલુ કરવાનું કહ્યું હતું. સોનોગ્રાફી કરાવી ત્યારે નવું જ 'ઈદમ્ તૃતીયમ્' નીકળ્યું! દરદીને બે માસનો ગર્ભ હતો. ગર્ભાવસ્થામાં રેડિયેશન થોડું જ આપી શકાય? ગમે કે ન ગમે, એનો નિકાલ કરી જ દેવો પડે. પરંતુ અહીં તો તબીબો હડતાળ પર હતા... ડૉ. કલ્પનાબહેને એમનાં સહાયક ડૉકટરને સાથે મોકલીને સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગમાં સોનોગ્રાફી માટે મોકલી આપેલું, દરદી ડેલીએ હાથ દઈ પાછું આવ્યું. આખરે ફરી એક વાર સ્વજન તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈએ રસ્તો કાઢી આપવાનો હતો. જેટલું મોડું થાય એટલું જોખમ વધવાનું હતું.

એમને ડૉ. અમીબહેન શાહ યાદ આવી ગયાં - ભાંગ્યાના ભેરુ જેવા તબીબ દંપતી - ડૉ. સંજય શાહ અને ડૉ. અમી શાહને ગાંધીનગરમાં કોણ ન ઓળખે? કયારેય રૂબરૂ નહીં મળેલાં સ્ત્રી રોગ સાથે તજજ્ઞા સાથે તે સાંજે ફોન પર વાત કરી ત્યારે તેઓ ગાંધીનગરની બહાર હતાં. કેસની ગંભીરતા સમજી તેમણે બીજે દિવસે દસ વાગ્યે મળવાનો સમય આપ્યો. હંમેશાં સમયની વહેતા પહોંચી જવાની ટેવ વાળા મારા 'ડૅડી' (ડૉ. કેશુભાઈ) દરદીને લઈને સાડા નવના ટકોરે સેકટર-૮ ખાતે આવેલી ડૉ. અમી શાહની હોસ્પિટલે પહોંચી ગાય. હજી પૂરતો સ્ટાફ પણ નહોતો આવ્યો, પણ ડૉ. અમી શાહ એમની ચૅમ્બરમાં આવી ગયાં હતાં. જેવું ડૉ. કેશુભાઈ દેસાઈનું કાર્ડ જોયું કે તરત જ દરદીને બોલાવી લીધું. રીપોર્ટ જોયા અને ત્વરિત નિર્ણય કરતાં પૂછ્યું : સવારે કંઈ ખાધું છે ખરું? દરદીને કયાં ખબર હતી કે જતાંવેંત મૅડમ ઑપરેશન ટેબલ પર સુવાડી દેશે! સદ્ભાગ્યે એણે સવારે ફક્ત ચા જ પીધી હતી. દઢ મનોબળ ધરાવતાં ગાયનેકોલોજિસ્ટે સીધું જ દરદીને ઑપરેશન માટે તૈયાર કરવાની સૂચના આપી. ઑપરેશનનાં નાના પાયાનું સિઝરિયન જ કરવાનું હતું. ગર્ભાશયના મુક પાસે જ, કઠામી જગ્યામાં કેન્સરની ગાંઠ જામી ગયેલી હોઈ એ માર્ગે ગર્ભનિકાલ શકય નહોતો. પધ્ધતિસરની 'હિસ્ટરોટૉમી' જ કરવી પડી. ડૉ. અમી શાહે સાડા દસના ટકોરે તો સર્જરી શરૂ કરી દીધી! કલાકમાં દરદી એને ફાળવાયેલા વાતાનુકૂલિત કક્ષમાં આવી ગયું! હસતાં ફિલસૂફ જેવાં અમીબહેનનાં સ્પર્શમાં જ સંજીવની છે. આમ તો એ આધુનિક વિજ્ઞાન ભણ્યાં છે; પણ વિજ્ઞાન સાથે અધ્યાત્મના સુભગ સંયોજનથી એમના વ્યક્તિત્વને દિવ્યતા સાંપડી છે. ડૅડીએ એ દિવ્ય ચેતનાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો અને અને અનાયાસે જ એમનાથી કહેવાઈ ગયું : કુદરતે કેવો સંયોગ રચી દીધો, જોયું? સાક્ષાત્ અમૃત સંજીવની સમાં ડૉ. અમી શાહ પાસે મોકલી આપી એ ગરીબ ગાવડીને... હવે મને તો ખાતરી થઈ ગઈ છે કે એના જીવનનું ફૂલ કવેળાએ કરવાનું નથી. એણે અણધાર્યું જ 'અમી'- સિંચન સાંપડ્યું છે. આટલી ત્વરાથી એક અજાણી છોકરીનું, એનાં ઘરવાળાંની ગેરહાજરીમાં ઑપરેશન કરી દેવું એ કોઈ નાનીસૂની બાબત ન જ ગણાય. સામાન્ય ડૉકટરોની છાપ જ એવી કે આવા દરદીઓ પાસે પહેલાં પૈસા મુકાવે; ઍપોલો જેવી મોટી હોસ્પિટલો તો કંઈ કેટલા ફૉર્મ ભરાવે, ડિપોઝિટ ભરાવે... અને ઠેકામે ડૉ. અમી શાહે ન તો કેસ કઢાવવાનો આગ્રહ રાખ્યો કે ન એમની ફી વિષે કશી ચર્ચા કહી. વિવેક ખાતર ડૉ. કેશુભાઈને પૂછ્યું તો કહે છે : તમે એને સદ્ભાવથી મદદરૂપ થઈ રહ્યાં છો એમ મારે પણ એને મદદરૂપ થવું જોઈએ ને? એટલે એ મુદ્દે આપણે અત્યારે કશી વાત નહીં કરીએ. સંજય હાજર નથી, એટલે ઍનેસ્થેટિસ્ટ બહારથી બોલાવવા પડશે, પણ એનીય તમે કોઈ ચિંતા કરશો નહીં... એટલું કહીને ઉતાવળે એ એમની 'પરોણી' પેશન્ટને તૈયાર કરાવવામાં પ્રવૃત્ત થઈ ગયાં.

આવી ઉદાત્ત ભાવનાવાળાં ડૉકટરોને જોઉં છું ત્યારે મને જીવનમાં અને ભગવાનમાં જે આસ્થા મારા વારસામાં મળી છે તે દઢીભૂત થાય છે. ડૉ. કલ્પનાબહેનને જોઈને ને આપણને મધર ટેરેસા યાદ આવી જાય. પારકી પીડા એમની આંખોમાં ગંગાજમના છલકાવી દે. એવી જ ચમક અને નરવું ગરવું લાસ્ય અને ડૉ. અમી શાહના ચહેરામાં દૃષ્ટિ ગોચર થયાં : જાણો હરતાં ફરતાં દેવદૂતિકા! આ છે વૈષ્ણવ જનનું પહેલું લક્ષણ. નરસિંહ મહેતાએ વૈષ્ણવજનની વ્યાખ્યા જ આ રીતે કરી છે. 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે...' આ 'પરાઈ પીડ' સામે કયારેક કોઈ કૃષ્ણને સાશ્વત વચન આપવું પડે છે : 'સંભવામિ યુગે યુગે...' સાધુ કહેતાં સાદાં-સીધાં ગરીબડાં લોકના પરિત્રાણ અર્થે ઈશ્વરને વારંવાર અવતાર લેવો પડ્યો છે. શ્રીરામને કેમ અવતરવું પડ્યું છે? ફક્ત અયોધ્યાના રાજા તરીકે ઓળખાતા હોત, ઈશ્વર તરીકે એમને પૂજીએ છીએ એ તો એમના કલ્યાણ સ્વરૂપને. એમણે ગુહરાજ નિષાદની લઈ જટાયુ જેવા ગીધનો અને શબરી જેવી સમર્પિત આદિવાસી સ્ત્રીનો ઉધ્ધાર કર્યો છે. પેલી અહલ્યાને એના ઋષિ પતિએ આપેલી કઠોર સજામાંથી છોડાવી છે. અન્યાયી વાલી સાથે યુધ્ધ કરીને સુગ્રીવને એની સ્ત્રી જ નહીં, આખું કિષ્કિંધાનું રાજ પાછું સોંપ્યું છે. બુધ્ધની કરુણાએ વૈશાલીની નગરવધૂની લઈ ડાકૂ અંગુલીમાળ સુધીના જીવોના આત્માને શાંતિ અર્પી હતી.

આપણ વચ્ચે એવું જ એક ભવ્ય અવતારી તત્ત્વ આવી ગયું : આપણાં સૌના પ્યારા બાપુ, અને એમને પણ જેમની સાથે ખોળિયું બદલવું ગમ્યું હોત તેવા પૂજ્ય રવિશંકર મહારાજ. આપણી વચ્ચે હરતાં ફરતાં ડૉ. અમી શાહ જેવાં દેવદૂતો હશે ત્યાં સુધી સતયુગ કયાંક આપણી આસપાસમાં જ આંટાફેરા મારી રહ્યો છે, એવી પ્રતીતિ થયા કરશે.

# સંસ્કાર ગીરાના ઉદ્ગાતાનું ધર્મમૂલક પ્રેરણાદાયી નારીલક્ષી આલેખન

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

ગઈ કાલે જ રામનવમી ગઈ ત્યારે આજના યુગમાં રામ અને રામાયણની પ્રસ્તુતતા સાથે સાથે રામાયણને ગતિશીલ રાખતાં નારી પાત્રોની વાત કરતું પુસ્તક મારા હાથમાં છે તેની વાત કર્યા સિવાય રહી શકતો નથી.

આ 'રામનું અયન' ગણો કે 'રામાનું અયન' ગણો બંને રીતે યોગ્ય છે. વાલ્મિકીએ સીતા માટે 'રામા' શબ્દનો ઉપયોગ કર્યો છે. રામાયણને 'રામ' અને 'રામા'નું સંયુક્ત 'અયન' બનાવવાથી રામચરિત્ર 'સીતાયાશ્ચરિતં મહન્' સીતાનું મહાન ચરિત બની ગયું છે. રામની સંસ્કાર યાત્રા એ કથા હોવાં છતાં તેમાં જિજીવિષાનો જયઘોષ છે, પ્રસન્નતાનો પ્રશસ્તિ પાઠ છે. રમણીયાની રાગિણી છે. અને સ્પૃહણીયતાનું સૂરીલું સ્તવન છે.


કૌંચના યુગલમાંના એકના વધથી નીપજતી વ્યથામાંથી આ મહાકાવ્ય પ્રગટ્યું છે. આ કાવ્યનાં નાયક રામની વ્યથા પણ અસીમ છે. માનવ ઈતિહાસના પાત્રોમાં રામે જેટલું સહન કર્યું છે. તેટલું ભાગ્યે જ બીજા કોઈએ સહન કર્યું હશે. કર્તવ્ય માર્ગની કેડી પર બધે ફૂલ પથરાયેલાં નથી. મહદ્અંશે કંટકોની વ્યથા છે. એટલે રામની કથાએ માનવીની વ્યથાનો વિસ્તાર છે.

ગુજરાતના અગ્રણી ચિંતક ગુણવંત શાહે રામાયણને 'માનવતાનું મહાકાવ્ય' કહ્યું છે. મોરારિબાપુએ તેમને 'વિચારયજ્ઞના આચાર્ય ગણ્યા છે.' વાલ્મિકીના રામ 'મહામાનવ છે.' માનવ શ્રેષ્ઠ છે. રામ પણ કહે છે કે 'હું દશરથ'નો પુત્ર છું. મારી જાતને મનુષ્ય ગણું છું. એટલે જ રામ પુરૂષોતમ અને મર્યાદા પુરૂષોત્તમ છે. રામાયણ નરમાંથી નારાયણ બનવાની પ્રેરણા આપે છે.

ભારતીય સંસ્કૃતિમાં રામાયણ અને મહાભારતનાં પાત્રો સજીવ છે. આજે પણ રામ, રાવણ, સીતા, મંથરા, કૈકેયી જીવિત છે. મહાભારતનાં પાત્રો પણ તેવાં જ છે. હરતાં ફરતાં છે. રાજગાદી એ બેસવાનો પ્રશ્ન પણ તે જ કાળથી ઉત્પન્ન થયેલો છે. અને હજારો વર્ષ પછી આજે પણ લોકશાહીમાં પણ 'રાજસત્તા' મેળવવાના પ્રયત્નો ચાલુ છે.

રામાયણ અંગે કવિ હરિન્દ્ર દવે 'કથા રામની, વ્યથા માનવની' પુસ્તકમાં રામાયણનો સુંદર અર્થ સમજાવે છે. સંસ્કૃતમાં અયન એટલે ગતિ, માર્ગ, આશ્રય સ્થાન, મોક્ષ એવો બનાવાયો છે. લેખક જણાવે છે કે રામાયણ (રામ + અયન) એ રામ શબ્દ હોવાની રમણીયતા સૂચવે છે. 'અયન' ગતિશીલતા સૂચવે છે. એ નદીની પ્રવાહની માફક ગતિશીલ છે. અયનમાં રામની મુદ્રા દૃષ્ટિ, મનસ્વીપણું, તપસ્યા અને તેજસ્વીતા બનાવાઈ છે.

આ પુસ્તકમાં 'રામાયણ' ને ગતિશીલ રાખતાં સ્ત્રી પાત્રો અંગે લખાયું છે, જે લોકોપયોગી છે. જેમાં જનક નંદિની સીતા, અને દાસી મંથરા એ રામને ગાદીને બદલે વનવાસ અપાવ્યો, વિષયાસક્ત, રાજનીતિજ્ઞ સૂર્પણખા, અનસુયાને આશ્રમે શ્રીરામ-સીતા, રામાયણની મહારાણીઓનું ચિટકૂટ પર મિલન અને વાર્તાલાપ તેમજ રામભક્ત શબરી અને છેલ્લે લંકા નરેશનો ધર્મિષ્ઠ મહારાણી મંદોદરીનું વર્ણન છે. પુસ્તકમાં લેખકે જુદા જુદા ગ્રંથોમાંથી ચયન કરી રામાયણના પાત્રોની શક્તિઓનું વર્ણન કર્યું છે. તે સ્ત્રી પાત્રોની શક્તિઓનું વર્ણન કર્યું છે. તે સ્ત્રી પાત્રોથી રામાયણની અયન, ગતિ-પ્રગતિ દર્શાવાઈ છે. પુસ્તકમાં આવતાં સ્ત્રી પાત્રોની લેખકે વાત કરી છે તે પ્રકરણના શિર્ષક ઉપરથી વાચકને સહજ રીતે સમજાઈ જાય છે. જેમ કે 'જનક નંદિની સીતાજીની અગ્નિ પરીક્ષા' દાસી મંથરાએ રાણી કૈકેયીને આપેલી સલાહ, 'રાજ્યાભિષેક', માનસની મહારાણીઓનું મિલન, મહાસતી અનસુયા સાથે સીતાજીનું મિલન, વિષયાસક્ત છતાં રાજનીતિજ્ઞ રાવણની બહેન સુર્પણખા, બ્રહ્મજ્ઞાની ગુરુ મતંગની વનવાસી શિષ્યા શબરી, લંકા નરેશની ધર્મિષ્ઠ પત્ની મહારાણી મંદોદરી વિગેરે...



આ નાનકડી પુસ્તિકામાં મોરારિબાપુ પ્રત્યેનો ભક્તિભાવ દર્શાવતાં લેખકે પોતાના પુસ્તક 'જીવનની ધન્ય ઘડી' ના વિમોચનની તસ્વીર ઉપરાંત 'સંસ્કારગીરાના ઉદ્ગાતાનું ઋષિકર્મ' શિર્ષકથી પ્રા. ડૉ. રશ્મિકાંત મહેતાનો સંદેશ સાથે 'એક અવલોકન' સંજય થોરાત જેવા નવોદિત લેખક પત્રકારનો અહેવાલ અને ભરત કવિ, અમૃતલાલ મોઢ, એમ.જી. સોલંકી, અરૂણ બૂચ, રણછોડભાઈ પટેલ, બી.બી. પટેલ, મહેન્દ્ર ગજ્જર જેવા મહાનુભાવોના શુભેચ્છા સંદેશાઓનો સમાવેશ કર્યો છે.

'રામાયણને ગતિશીલ રાખતાં નારી પાત્રો' ના લેખક શિવશંકર દવે ૬ ઑકટોબર ૨૦૧૧ ના રોજ ૭૫માં વર્ષમાં પ્રવેશ્યા છે. ૧૯૯૫ માં ગુજરાત સરકારના વર્ગ-૧ ના અધિકારી તરીકે નિવૃત્ત થયા બાદ શેષ જીવન તેમણે કલમના ખોળે અર્પી દીધું છે. તેમના પુસ્તકોમાં 'રામચરિત માનસના મોતી ભાગ : ૧ - ૨, જીવનની ધન્ય ઘડી' જેવા પ્રેરણાદાયી સાહિત્યિક અને ધાર્મિક પુસ્તકો આપ્યાં છે. ગાંધીનગર સમાચારમાં 'અમી વર્ષા' કટારથી એ જાણીતા છે. શિવશંકરભાઈ એ સતત ધર્મમૂલક પ્રેરણાદાયી સાહિત્ય આપ્યા કર્યું છે. એમની આ વંદનીય પ્રવૃત્તિને બિરદાવી શુભેચ્છા સાથે પ્રભઉ તેમને નિરામય અને પ્રસન્ન દીર્ઘાયુ આપે તેવી શુભ ભાવના સહ પુસ્તકને આવકારીએ.

**'રામાયણને ગતિશીલ રાખતાં નારી પાત્રો'**
**લેખક : શિવશંકર દવે**
**પ્રકાશક:રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**
**કિંમત : રૂા. ૬૦/-**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨**

# નાની મોટી જરૂરિયાતમાં દેવો સારી એવી મદદ કરતા સંધ્યાને સારી હિંમત રહેતી

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૧૭)

**- જયંતીલાલ મકવાણા**

દેવુ ગ્રેજ્યુએટ થઈ ગયો. શહરે-જીવનની સંપૂર્ણ જ્ઞાન તથા શૈક્ષણિકક્ષેત્રે શું કરવું કઈ લાઈન લેવી. વિષય પસંદગીથી પુરેપૂરો માહિતગાર થઈ ગયેલ. યુનિવર્સિટીમાં એમ.એ. કરવું કે પછી કૉલેજમાં પ્રવેશ લેવો આ બાબતમાં સારી રીતે સમજણ પામેલ દેવુ તથા તેની સાથે અભ્યાસ કરતી સંધ્યાનો દેવાથી પણ ખૂબ જ હોંશિયાર, ચબરાક શહેરી છોકરી હતી. બી.એ. પછી કઈ લાઈન લેવી, નોકરીની તકો કયા વિષયમાં વધારે છે. વર્ગ એક અને બે માં જવા માટે લાયકાત અને ટકાવારી કેટલી જરૂરી છે, તેનું જ્ઞાન સંધ્યા સારી રીતે જાણતી હતી. અને તેણી હૃદયથી દેવાને ચાહતી હતી. સંધ્યા પોતાના વિકાસ માટે સતત સંઘર્ષ કર્યે રાખતી.

સંધ્યા હંમેશા વિચારશીલ રહેતી પોતાના કુટુંબને કઈ રીતે પગભેર કરવું. તેણી સંબંધ બાંધવામાં અને બાંધેલા સંબંધ લાંબો સમય જળવાઈ રહે તે માટે સતત પ્રયત્ન કરતી. નાની મોટી જરૂરિયાતમાં દેવો સારી એવી મદદ કરતા સંધ્યાને સારી હિંમત રહેતી.

પહેલી ટર્મ શરૂ થઈ ત્યારે દેવાએ કહ્યું, 'સંધ્યા, તને દર મહિને બે બજાર રૂપિયા આર્થિક સહાય મળતી તેનું શું થયું?'

'આજ સુધી તો પેઢીમાંથી કોઈ સમાચાર જાણવા મળેલ નથી.'

'તો પછી તું અને તારા મમ્મી એકાદ વખત પેઢીની મુલાકાતે જઈ આવો તો ખરા!'

બીજા દિવસે સંધ્યા અને તેના મમ્મી પેઢીએ પહોંચી ગયા અને સંધ્યાએ કહ્યું, 'સાહેબ, હું બી.એ.માં હતી ત્યારે ત્રણ વર્ષ સુધી મહિને બે હજાર રૂપિયાની આર્થિક સહાય મળતી. આ વરસે હું એમ.એ. માં છું. મારે સહાયની જરૂર છે તો મને મળશે કે નહીં?'

આજ સુધી કોઈની ભલામણ આવી નહીં અને દાનવીરની પણ જાહેરાત આવી નથી. તમે તમારી બી.એ.ની માર્કશીટ અને સહાય માટેની અરજી મોકલી આપશો. ટૂંક સમયમાં તમને મળતી સહાય મળવી શરૂ થઈ જશે.

બીજે દિવસે દેવાએ પૂછ્યું, 'સંધ્યા, તું સહાય માટે મળવા ગઈતી.'

'હા'

'શું કહ્યું'

'એમણે કહ્યું કે આજસુધી કોઈ દાનવીરની જાહેરાત આવી નથી પરંતુ તમે તમારી બી.એ.ની માર્કશીટ અને સહાય માટેની અરજી મોકલી આપો પછી ટૂંક સમયમાં મળતી સહાય શરૂ થઈ જશે.'

'તાો પછી અરજી તો પહોંચાડી દે'

'અરજી તો આજે પહોંચાડી દીધી.'

દેવો અને સંધ્યા વાતો કરતાં હતા. ત્યા તેમના મિત્રો આવી પહોંચ્યા ને કિંજલ બોલી ઊઠી, 'સંધ્યા, નોટીસ બોર્ડ ઉપર તારું નામ લખેલ છે.'

'કેમ!'

'અરે, કેમ શું? પહેલાં પેંડા ખવરાવ.'

પણ છે શું?

'તને દર મહિને ત્રણ હજાર રૂપિયા સ્કોલરશીપ મળશે, તારૂં નામ પ્રથમ છે. બી.એ.માં સૌથી વધારે માર્કસ તારા છે.'

'સંધ્યા, કોંગ્રેચ્યુલેશન' દેવાને હાથ મેળવતા કહ્યું.

સંધ્યાએ બધાનો આભાર માન્યો અને દોડતી નોટીસ બોર્ડ ઉપર પહોંચી ગઈને વાંચ્યું તે તે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે હતી આથી તેને દર મહિને સરકાર તરફથી ત્રણ હજાર રૂપિતા સ્કૉલરશીપ મળશે.

સંધ્યા કૂદકા મારતી હસી પડીને તેના મિત્રો પાસે પહોંચી ગઈ. એ પહોંચી ત્યાં દેવાએ પેંડા મંગાવી લીધા હતા. સંધ્યાએ પોતાના જ હાથે બધાના મોંમાં પેંડો મૂકત બધા મિત્ર આનંદથી ખિલખિલાટ હસી પડ્યાં. બધી બહેનપણીઓએ તેને શુભેચ્છા પાઠવતા સંધ્યા ભાવવિભોર બની ગઈ ને તેની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યા.

એક દિવસ કૉલેજ ગાર્ડનમાં દેવો અને તેના મિત્રો ગપગોળા મારતાતા, ત્યારે દિપેશે કહ્યું, 'દેવા, તારા વિવેકાનંદજીના વિચારો કયાં ગયા, તું તો સંધ્યા પાછળ લટુ થઈ ગયો છું.'

મિત્રોના શબ્દો સાંભળતા તેની આંખોમાંથી આંસુ સરી પડ્યા. તે ખિન્ન હૈયે દિપેશને જોઈ રહ્યો. તે મનોમન વિચારે પડી ગયો તેની નજર સમક્ષ સ્વામી વિવેકાનંદના વિચારો ગુંજવા લાગ્યા. જુવાનીનો જોમ જુસ્સો જુદા જ પ્રકારનો હતો. તેને લાગ્યું કે અકાળે મળેલ

● ક્રમશ:

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨જી એપ્રિલ**

### ટેલિગ્રામના શોધક સેમ્યુઅલ મોર્સની પુણ્યતિથિ

વિશ્વમાં સૌથી વધઉ પ્રચાર પામેલી સંદેશાવાહકની તાર પધ્ધતિ 'ટેલિગ્રાફ'ના શોધક ઉપરાંત શિલ્પકાર અને કુશળ ચિત્રકારની આજે પુણ્યતિથિ.

૧૮૫૬માં પ્રથમ સક્ષમ તાર ઉપજાવ્યો. આરસ કાપવાનું યંત્ર તેણે જ પેટર્ન કરાવેલું. સાગરનાં તળિયે તારથી ટેલિગ્રાફીના પ્રયોગો કરેલાં, વૉશિંગ્ટનથી બાલ્ટિમૉર સુધીનો વિશ્વમાં પ્રથમ ટેલિગ્રાફ લાઈનથી દૂરસંદેશ ૧૮૪૪માં ૨૪મી મે, એ તેણે મોકલેલો. સંદેશમાં લખ્યું હતું. "ઈશ્વરે આ શું રચ્યું છે?") તેમણે ઘણાં સન્માનો મળ્યા. તા. ૨જી એપ્રિલ, ૧૮૭૨માં તેમનું અવસાન થયું.

● તા. ૨ જી એપ્રિલ ૧૯૭૦માં મેઘાલયની રચના. ૧૮૪૦ માં ફ્રેન્ચ સાહિત્યકાર એનિલ ઝોલાનો જન્મ. ૧૯૩૦ માં વડોદરાના મહારાજા ફતેસિંહ રાવ ગાયકવાડનો જન્મ. સૌરાષ્ટ્રના પીઠડિયા ગામે ૧૯૩૫માં સંત સ્વામી નિત્યાનંદનું અવસાન. અને તા. ૨જી એપ્રિલ ૧૯૩૩માં જામ રણજિતસિંહનું અવસાન થયું.